નોંધણી નં. સા. ૩૨૬૬૬
તા. ૨૯–૧૧–૨૦૦૧

**નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ.,નવસારી.**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**
મંત્રી ૯૯૨૫૦૩૦૬૭૫ (વી.સી. રાજ), ખજાનચી ૯૮૭૯૦૧૭૮૬૩ (એમ. કે. મલેક)

---

જા.નં.ગુકૃયુ/કબધિસમં/રીટાયર્ડ/૫૯/૨૦૧૮
નવસારી, તા. ૧૬/૭/૨૦૧૮

**પ્રતિ,**
મદદનીશ વહીવટી અધિકારી, ન.મ.કૃષિ મહાવિધાલ,
મદદનીશ વહીવટી અધિકારી, એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ કોલેજ
મદદનીશ વહીવટી અધિકારી, અસ્પી બાગાયત વ વનિય કોલેજ
મદદનીશ વહીવટી અધિકારી, વેટરનરી કોલેજ
મદદનીશ વહીવટી અધિકારી, એગ્રી કોલેજ, ભરૂચ–વઘઈ
હિસાબી અધિકારી (કેશ) ન.કૃ.યુ. નવસારી
તમામ યુનિટ/સબ યુનિટ ન.કૃ.યુ. નવસારી, સુરત, પરીયા, ગણદેવી,ભરૂચ,હાંસોટ,વ્યારા, બારડોલી,વઘઈ
કેવીકે સુરત,નવસારી, વઘઈ, ડેડીયાપાડ, વ્યારા

**વિષયઃ ન. કૃ. યુ.નવસારીમાંથી વયનિવૃતિથી નિવૃત થનાર કર્મચારીઓની મંડળીની રેગ્યુલર કપાત ત્રણ માસ પહેલા બંધ કરવા બાબત**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની ન.કૃ.યુ. કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળીની રેગ્યુલર કપાત (રૂા.૧૦૦૦/–) મંડળીના સભાસદોની આપના દ્રારા કરવામાં આવે છે. આપની કચેરીમાંથી નિવૃત થનાર કર્મચારી/અધિકારીની સદર રેગ્યુલર કપાત મંડળીની સામાન્ય સભામાં ઠરાવ્યાનુસાર નિવૃતિના ત્રણ માસ બાકી હોય ત્યારથી બંધ કરવી. તે અનુસાર હવેથી નિવૃત થનાર કર્મચારીની રેગ્યુલર કપાત રૂા.૧૦૦૦/– નિવૃતિના ત્રણ માસ બાકી હોય ત્યારથી બંધ કરી દેવી. જેથી જે તે કર્મચારી/અધિકારીને સમયસર તેમની નિકળતી રકમનો હિસાબ આપી શકાય.

વધુમાં વિભાગીય વડાશ્રીને વિનંતી સહ જણાવવામાં આવે છે કે નિવૃત થતાં કર્મચારી/અધિકારીઓના "નો ડયુ" માટે આપના તરફથી કર્મચારી/અધિકારીના ટુંકા નામ (અ.બ.૫મલ) આપવામાં આવે છે. જેના કારણે ઘણી મુશ્કેલીઓ પડે છે જેથી હવે પછી નો ડયુ માટે પુરેપુરા નામનો ઉલ્લેખ કરવો.

સહકાર બદલ આભાર....

નવસારી
તારીખઃ ૧૬/૭/૨૦૧૮

મંત્રી
**નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી, લિ.,નવસારી.**